# સુરતથી 300 મહેસૂલ કર્મી.બે દિવસ ગાંધીનગર કોન્ફરન્સમાં

**મહાત્મા** મંદિર ખાતે જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન પર નેશનલ કોન્ફરન્સનું આયોજન

**શહેરી** જમીન રેકોર્ડ્સની રચના અને અપડેશન પર રસપ્રદ પેનલ ડિસ્કશન યોજાયું

સુરતઃ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આયોજિત બે દિવસીય જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન નેશનલ કોન્ફરન્સમાં રાજ્યભરના મહેસૂલ કર્મચારીઓને હાજરી આપવા ખાસ બોલાવવામાં આવ્યા છે. જેમાં સુરત જિલ્લાના 300 જેટલા મહેસૂલ કર્મચારીઓને પણ વારાફરતી હાજરી માટે નિર્ધારિત કરવામાં આવ્યા છે.

આ કોન્ફરન્સ અંતર્ગત ઘણાં નાયબ મામલતદારો, તલાટીઓ સહિતના મહેસૂલ કર્મચારી સ્ટાફે શુક્રવારે હાજરી આપી હતી, જ્યારે બાકીના મામલતદારો શનિવારે હાજરી આપશે. આ કોન્ફરન્સમાં શહેરી જમીન રેકોર્ડ્સની રચના અને અપડેશન, આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ, ડિજિટાઈઝેશન અને ટાઉન પ્લાનિંગ જેવા વિષયો પર રસપ્રદ પેનલ ડિસ્કશન યોજાયા. જેમાં કેન્દ્ર અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓએ માર્ગદર્શન આપ્યું હતું. કોન્ફરન્સમાં સુરત સહિતના નાયબ મામલતદારો માટે આ વિષયો પર સીધી સમજ મેળવવાનો મોકો બન્યો છે, જેથી ભવિષ્યમાં જમીન વહીવટની કામગીરીમાં નવો દિશા-નિર્દેશ મળી શકે. ગાંધીનગર ખાતે જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન પર આયોજિત બે દિવસીય નેશનલ કોન્ફરન્સમાં આજે વિવિધ રસપ્રદ પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ભારત સરકારના લેન્ડ એન્ડ રેકોર્ડ્સના સંયુક્ત સચિવ કુણાલ સત્યાર્થીની અધ્યક્ષતામાં 'શહેરી જમીન રેકોર્ડ્સની રચના અને અપડેશન' વિષય પર એક મહત્વપૂર્ણ પેનલ ડિસ્કશન યોજાયું.

આ સમગ્ર પેનલ ડિસ્કશનનું સંચાલન નવસારી કલેક્ટર ક્ષિપ્રા આગ્રેએ કર્યું હતું. આ ચર્ચામાં મહેસૂલ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### AI, ઓટોમેશન, 3D કેડેસ્ટ્રેસ અને ડિજિટલ ટ્વિન્સના ઉપયોગથી જમીન રેકોર્ડ્સનું વ્યવસ્થાપન થશે

સેન્ટર ફોર એન્વાયરમેન્ટ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી (CEPT) યુનિવર્સિટીના સેન્ટર ફોર એપ્લાઇડ જિયોમેટિક્સના હેડ ડૉ.શિવાંગી સોમવંશીએ શહેરી જમીન રેકોર્ડ્સની વ્યવસ્થા બહેતર કરવા માટે જિયોગ્રાફિકલ ટેક્નોલોજીઓ અને વૈશ્વિક નવીનીકરણોના ઉપયોગ પર ભાર મૂક્યો હતો. શહેરી જમીન રેકર્ડ વ્યવસ્થાપનમાં વર્તમાન પડકારોની ચર્ચા કરી ભૂમિ આધુનિકીકરણ પહેલો, DILRMP અને NAKSHA કાર્યક્રમો વિશે માહિતી આપી હતી. વધુમાં, તેમણે ભવિષ્યની ટેક્નોલોજીઓ જેવી કે AI અને ઓટોમેશન, તેમજ 3D કેડેસ્ટ્રેસ અને ડિજિટલ ટ્વિન્સના ઉપયોગથી જમીન રેકોર્ડ્સના વ્યવસ્થાપનમાં આવનારા પરિવર્તનો વિશે વિસ્તૃતમાં જાણકારી આપી હતી.

### સુરતમાંથી ક્યા ક્યા વિભાગના કર્મચારીઓની હાજરી?

સુરતમાંથી બે દિવસ અલગ અલગ રીતે મહેસૂલ કર્મચારીઓને બોલાવવામાં આવ્યા છે. જેમાં નાયબ મામલતદાર, ક્લાર્ક, રેવન્યુ તલાટી, તલાટી કમ મંત્રી, મેઇન્ટેનન્સ સર્વેયર, સર્વેયર, આર એન્ડ બી નો ટેકનીકલ સ્ટાફ, સબરજીસ્ટ્રાર કચેરીના કર્મચારી, સ્ટેમ્પ ડ્યુટી અને જમીન સંપાદન વિભાગના મળીને કુલ 300 જેટલા કર્મચારીઓ સુરતથી હાજરી આપવા ગયા છે.

---

આચાર્યોની બેદરકારી: વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં

# CBSEએ ફરીથી પોર્ટલ ખોલ્યું, રજિસ્ટ્રેશન કરાશે

**૩થી ૮** ઓક્ટોબર સુધીમાં લિસ્ટ ઓફ કેન્ડિડેટ (LOC) અપલોડ કરવાની ફરજ: ફી ભરવાની છેલ્લી તારીખ ૧૧ ઓક્ટોબર

સુરતઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા આગામી ફેબ્રુઆરીમાં યોજાનારી બોર્ડની પરીક્ષાઓ માટેની તૈયારીના ભાગરૂપે વિદ્યાર્થીઓની યાદી અપલોડ કરવાની (List of Candidate- LOC) અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર રાખવામાં આવી હતી. પરંતુ, ઘણી શાળાઓના આચાર્યો દ્વારા વારંવાર સૂચનાઓ છતાં સમયસર વિગતો અપલોડ કરવામાં નિષ્ફળ જણાતા, વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે સંકળાયેલા આ મહત્ત્વના કાર્યમાં બેદરકારી સામે આવી છે.

વિદ્યાર્થીઓને અનાવશ્યક મુશ્કેલી ન પડે તે હેતુસર CBSE બોર્ડે ૩ ઓક્ટોબરથી પોર્ટલ ફરીથી ખોલવાની જાહેરાત કરી છે. જોકે આ વખતમાં શાળાઓએ લેટ ફી સાથે જ માહિતી સબમિટ કરવાની રહેશે. બોર્ડે સ્પષ્ટ કરી દીધું છે કે, ૮ ઓક્ટોબર સુધીમાં શાળાઓએ વિદ્યાર્થીઓની યાદી પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે અને ૧૧ ઓક્ટોબર સુધીમાં ઈન્ટરનેટ બેન્કિંગ, યુપીઆઈ કે કાર્ડ થકી ફી ભરવાની રહેશે. CBSE બોર્ડે સ્પષ્ટ ચેતવણી પણ આપી છે કે ૧૧ ઓક્ટોબર બાદ કોઈપણ સંજોગોમાં પોર્ટલ ફરીથી ઓપન કરવામાં આવશે નહીં અને આ અંગેની તમામ જવાબદારી સીધી શાળાના આચાર્યની રહેશે.

---

# સુરત જિલ્લાનાં 10 ગામનાં આરોગ્ય કેન્દ્રો જ બીમાર

**જર્જરિત** આરોગ્ય કેન્દ્રોની દરેક વર્ષે તૂટતી ભીંતો, છતમાંથી ટપકતું પાણી અને સગવડો વગરની સારવારની સમસ્યા વકરતી જ જઈ રહી છે

સુરતઃ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં લોકોના આરોગ્ય માટે ખડેપગે સેવા આપવા બનાવાયેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હવે દર્દીઓ માટે જોખમરૂપ સાબિત થઈ રહ્યા છે. કાપોદ્રા, બારડોલી, કામરેજ સહિતનાં કુલ 10 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દર વર્ષે જૂની ઈમારતમાંથી તૂટતી દીવાલો, છતમાંથી વરસાદનું ટપકતું પાણી અને તબીબી સાધનોની અછત જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ત્રણથી ચાર દાયકાઓ પહેલાં બનેલા આ આરોગ્ય કેન્દ્રો હવે એટલા ખરાબ હાલતમાં છે કે દર્દીઓએ વરસાદ કે ઉનાળામાં સારવાર કરતાં વધુ તકલીફ ભોગવવી પડે છે. ઘણાં સ્થળોએ ઓપીડી રૂમ અને ડિલિવરી રૂમ બંને માટે જગ્યા પૂરતી નથી, જેના કારણે દર્દીઓની સારવાર સુગમ બની રહેતી નથી. જિલ્લા પંચાયત દ્વારા છેલ્લા છ વર્ષથી સતત રાજ્ય સરકાર પાસે નવા મકાનો બનાવવા માટે ગ્રાન્ટ માગવામાં આવી છે, પરંતુ અત્યાર સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. આ કારણે દર્દીઓની સંખ્યા વધતી હોવા છતાં ઈમારતની સગવડો જૂની જ રહી છે.

### ગરીબ લોકોએ નાછૂટકે શહેરની ખાનગી હોસ્પિટલોમાં જવું પડે છે

ગામના લોકો જણાવે છે કે "દવાખાનામાં જવાની જગ્યાએ લોકો શહેરની ખાનગી હોસ્પિટલોમાં જતાં થયા છે. આર્થિક રીતે ગરીબ દર્દીઓને આથી મોટું નુકસાન સહન કરવું પડે છે." સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓ પણ માને છે કે હાલની પરિસ્થિતિમાં તાત્કાલિક નવા મકાનોની જરૂર છે. તેઓએ સ્પષ્ટ કર્યું છે કે જો આગામી સમયમાં સરકાર તાત્કાલિક પગલાં નહીં લે તો આરોગ્ય સેવાઓ ખોરવાઈ શકે છે. આથી સ્પષ્ટ થાય છે કે વિકાસના દાવાઓ વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં લોકો આજે પણ જૂના અને જોખમરૂપ મકાનમાં તબીબી સારવાર લેવા મજબૂર છે.

---

# વરાછાના હીરાના વેપારીએ વિશ્વાસમાં9.61લાખગુમાવ્યા

**મુંબઈના** વેપારીએ જાળ પાથરી હતી, પહેલા વ્યવહારનું સમયસર પેમેન્ટ કર્યું ને બાદમાં ખરીદેલા હીરામાં માંડવાળ કરી નાંખ્યું

સુરતઃ વરાછાના હીરા વેપારી પાસેથી મુંબઈના ઠગે ઉધારીમાં ૯.૬૧ લાખના હીરા ઉધારીમાં ખરીદી તેનું પેમેન્ટ નહીં ચૂકવી ઠગાઈ કરી હતી.

મોટા વરાછાની ભક્તિ નંદન સોસાયટીમાં રહેતા 30 વર્ષીય વિશાલભાઈ બચુભાઈ બુહા, પાંચ વર્ષથી શ્રેયસ ડાયમંડ સેન્ટર વરાછા ખાતે હીરા મેન્યુફેક્ચરિંગ અને વેચાણનો વ્યવસાય કરે છે. હિમત ગોયાણીનો તેમના મિત્ર વિજયભાઈ નવાપરા મારફતે પરિચય થયો હતો. હિમતભાઈએ તેમની ઓફિસમાં આવીને હીરા પસંદ કર્યા અને મુંબઈના બીકેસીમાં પોતાની ઓફિસ હોવાનું કહીને સારા ભાવે ખરીદવાનું તેમજ ૧૧ દિવસમાં પેમેન્ટ કરવાની લાલચ આપી વેપાર શરૂ કરવા જણાવ્યું હતું. જેથી પ્રથમ વ્યવહારમાં ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ વિશાલભાઈએ ૪૭.૦૦ કેરેટ હીરા ૫,૧૦૦ રૂપિયા પ્રતિ કેરેટ અને ૮.૪૦ કેરેટ હીરા ૧,૦૦૦ રૂપિયા પ્રતિ કેરેટના ભાવે વેચ્યા હતા. પેમેન્ટ સમયસર કરી આપતા વિશાલનો વિશ્વાસ વધ્યો હતો. ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૨૪માં હિમતભાઈએ કુલ્લે ૯.૬૧ લાખના હીરા ૧૧ દિવસની ઉધારી પર ખરીદ્યા હતા.

જો કે, સમય પૂરો થતાં વિશાલે ઉઘરાણી કરતા હિમતભાઈએ પેમેન્ટ માટે અખાડા શરૂ કરી દીધા હતા. વિશાલભાઈ ત્રણ-ચાર વખત મુંબઈની ઓફિસ પર ગયા પરંતુ હિંમતે પેમેન્ટ કર્યું નહીં. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ હિમતભાઈએ કહ્યું કે તેઓ કેરળમાં છે અને હીરા અન્ય વેપારી સુરેશ બી. ધાનાણીને વેચ્યા છે. વિશાલભાઈ સુરેશ પાસે ગયા તો તેમણે બિલ માગ્યું, પરંતુ હિમતભાઈએ અર્ધુ બિલ મોકલ્યું જે સુરેશે નકારી દીધું હતું.

આ પછી વિશાલભાઈએ વારંવાર ફોન અને વોટ્સએપ દ્વારા પેમેન્ટ માંગતા ૨૨ જુલાઈ ૨૦૨૫ના રોજ મુંબઈથી એક પાર્સલ આવ્યું જેમાં ૨.૪૦ કેરેટ હીરા (અંદાજે ૨૫,૦૦૦ રૂપિયાના) હતા, જે વિશાલભાઈએ પરત કરવા મેસેજ કર્યો, પરંતુ હિંમતે કોઈ જવાબ આપ્યો ન હતો. આજદિન સુધી હિંમતે પેમેન્ટ નહીં કરતા વિશાલે વરાછા પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે હિંમત કરશન ગોયાણી વિરુદ્ધ ૯.૬૧ લાખની છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

---



# વાપીના સલવાવમાં ચાર ગોડાઉનમાંભીષણઆગ

વાપીઃ વાપીના સલવાવમાં એક ભંગારના ગોડાઉનમાં આગ લાગતાં આગે બીજા ત્રણ આસપાસનાં ભંગારના ગોડાઉનને પણ લપેટમાં લીધાં હતાં. નેશનલ હાઈવે નં.૪૮ નજીક સલવાવમાં આગ લાગતાં વાપીના ફાયર બ્રિગેડ ફાયર ફાઈટર સાથે ધસી જઈ આગને કાબૂમાં લેવા માટે કાર્યવાહી હાથ ધરી હતી. વાપીમાં ભંગારના ગોડાઉનમાં આગના બનાવો વારંવાર બનતા હોવાથી વાપી મહાનગરપાલિકાએ સાગમટે ભંગારના ગોડાઉનને નોટિસ આપી હતી. તેમજ મોટાપાયે ભંગારના ગોડાઉનનું ડિમોલિશન પણ કર્યુ હતું. શુક્રવારે રાત્રે સલવાવમાં આગના બનાવ બાદ હવે ફાયર બ્રિગેડની ટીમ આગને કાબૂમાં લેવા પ્રયાસ કરી રહી છે.

---

# વોટચોરોને ખુલ્લા પાડીશું: કોંગ્રેસ

**વોટ ચોર-** ગાદી છોડ, મારો મત મારો અધિકાર સહી ઝુંબેશ મિસ્ડ કોલ અભિયાનની અમદાવાદમાં શરૂઆત

અમદાવાદઃ પ્રદેશ કોંગ્રેસ દ્વારા તારીખ 3 ઓક્ટોબરથી લઈને 10 ઓક્ટોબર સુધી વોટ ચોર- ગાદી છોડ, મારો મત મારો અધિકાર સહી ઝુંબેશ અને મિસ્ડ કોલ અભિયાન દ્વારા સમગ્ર ગુજરાતમાં જન-જન સુધી પહોંચીને મતદાતાઓને સંવિધાનિક અધિકાર અંગે જાગૃત કરવાના ભાગરૂપે અમદાવાદ શહેરમાં વેજલપુર વિધાનસભા મતવિસ્તારમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પ્રારંભ કરવાવ્યો હતો.

અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, જે રીતે રાહુલ ગાંધીના નેતૃત્વમાં આખા દેશમાં વોટ ચોરીનું જે ષડયંત્ર ચાલતું હતું તેને સાબિતી સાથે ખુલ્લું પાડવામાં આવ્યું છે.

જે રીતે ભાજપ સરકારમાં બેઠેલા લોકો ચૂંટણી પંચનો દુરુપયોગ કરી અને વોટ ચોરી કરીને ચૂંટણીઓ જીતી રહ્યાં છે એની સામે આખા દેશમાં લોકો રસ્તા પર ઉતરીને આક્રોશ વ્યક્ત કરી રહ્યાં છે.

---

## અનુસંધાન... પાના છેલ્લાનું

### વાપીમાંથી 30...

હાઉસમાં એમડી ડ્રગ્સ બનાવવામાં આવતું હતું જ્યારે તેનુ વેચાણ ચલાના બંગલામાંથી કરવામાં આવતું હતું.

દક્ષિણ ગુજરાતમાં વધુ એક ડ્રગ રેકેટનો ગુજરાત એટીએસએ પર્દાફાશ કર્યો છે. દમણમાં એકસાઈઝ ચોકીની પાછળ બામણપુજા સર્કલ નજીક ફાર્મહાઉસ ઉપર છેલ્લા ત્રણ-ચાર મહિનાથી મેફેડ્રોન (એમડી) તૈયાર કરાતું હતું. એટીએસની ટીમે ફાર્મહાઉસ પર દરોડો પાડ્યો ત્યારે ત્યાંથી રો-મટીરીયલ, સાધન-સામગ્રી મળી આવી હતી. અહીં એમડી ડ્રગ્સ બનાવવાની કેમિકલ પ્રોસેસ કરી તૈયાર મેફેડ્રોન (એમડી) વાપીના ચલા સ્થિત મકાનમાં સંગ્રહ કરવામાં આવતું હતું. પોલીસે આ રેકેટમાં વાપીમાં રહેતા વાપીમાં ભાગ્યોદય સોસાયટી આદર્શ બંગલો ૧૦૫માં રહેતા મેહુલ રજનેતસિંધ ઠાકુર તથા વાપીના છીરી ગાયત્રીનગર ગિરિરાજભાઈની ચાલ-ઉમાં રહેતા કેમિસ્ટ વિવેક બલેન્દ્ર રાય તથા મોહન નારાયણલાલ પાલીવાલ સામેલ હોવાનું જણાવ્યું છે. કેમિસ્ટ વિવેક અને મેહુલ હાલ ફરાર છે. જ્યારે મોહન નારાયણલાલ પાલીવાલને પોલીસે વાપીથી પકડી પાડ્યો છે.

જે જગ્યાએ એમડી ડ્રગ્સનું વેચાણ થતું હતું તે જગ્યા વાપીનો પોશ વિસ્તાર ગણાય છે. જ્યાં મોહીદ ટાવરની બાજુમાં મનોજસિંગ ઠાકુરના બંગલામાંથી પોલીસે 5.9 કિ.ગ્રા. મેફેડ્રોન(સોલીડ તથા લિકવીડ) જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત આશરે ૩૦ કરોડ થાય છે. આ ઉપરાંત રેડ દરમિયાન આશરે ૩૦૦ કિલો રો-મટીરીયલ અને મેફેડ્રોન (એમડી) ઉત્પાદન માટે ઉપયોગમાં લેવામાં આવતી સામગ્રી પણ મળી આવી છે.

### ડિંડોલીમાં ટ્રેન...

પાટા પર ગેલવેનાઈઝડ લોખંડની જાડી પટ્ટી મૂકી દીધી હતી. માલગાડી ધીમી ગતિએ આવી રહી હતી, તે દરમિયાન પાયલોટની નજર આ અવરોધ પર પડી ગઈ અને તેણે તાત્કાલિક ઈમરજન્સી બ્રેક મારી હતી.

પરિણામે ટ્રેન પાટા પરથી ઉતરી જવાની અથવા અનેક બોગીઓ પલટી જવાની ગંભીર પરિસ્થિતિ ટળી હતી. આ ઘટના બાદ પાયલોટ તથા સ્ટાફ તુરંત નીચે ઉતરી તપાસ કરવા લાગતા ટ્રેક ઉપર લોખંડની ભારે પ્લેટ જોવા મળી હતી.

મામલો ગંભીર હોવાની જાણ રેલવેના ઉચ્ચ અધિકારીઓને કરાઈ હતી.

સાથે જ ડિંડોલી પોલીસને સૂચના આપવામાં આવતા પોલીસ તુરંત ઘટનાસ્થળે પહોંચી અને ટ્રેક પરથી પ્લેટ કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે. ડિંડોલી રોયલ સ્ટાર સોસાયટી રોડ પર સેન્ટોસા એન્ક્લેવમાં રહેતા અને વેસ્ટર્ન ડેડીકેટેડ ફ્રેઇટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયાના સિવિલ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા સોમેન ઉર્ફે રાજુ પ્રતાપ રોયે ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### જગદીશ વિશ્વકર્મા...

ગુજરાતના પ્રદેશ પ્રમુખ તરીકેની જવાબદારીમાંથી વહેલા મુક્ત કરવા માટે, ભાજપના મોવડી મંડળે ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખપદનું કોકડું ઉકેલવા ઝડપી કાર્યવાહી કરી છે. આવતીકાલે જગદીશ વિશ્વકર્માને પ્રદેશ પ્રમુખ તરીકે સત્તાવાર રીતે નીમાયેલા જાહેર કરાશે. હવે સીએમ ભૂપેન્દ્ર પટેલની કેબિનેટમાં પણ ધરખમ ફેરફાર આવે તેવી સંભાવના છે. દિવાળી પહેલા જ આ ફેરફાર થાય તેવી સંભાવના છે. ચારેક મંત્રીઓને બાદ કરતાં આખી કેબિનેટમાં મોટાભાગના મંત્રીઓને પડતાં મૂકીને નવા ચહેરાઓને સ્થાન મળી શકે તેમ છે. એકાદ જુનિયર મંત્રીને કેબિનેટ કક્ષાએ બઢતી મળી શકે છે, જો કે આ મંત્રીના ખાતાઓમાં ફેરફાર આવશે, તે નિશ્ચિત મનાય છે.

### વ્યક્તિગત પરિચય

- જગદીશ ઈશ્વરભાઈ વિશ્વકર્મા (પંચાલ)
- જન્મ: ૧૨ ઓગસ્ટ, ૧૯૭૩.
- વર્તમાન પદ: ગુજરાત સરકારમાં રાજ્ય કક્ષાના મંત્રી
- મતવિસ્તાર: ગુજરાત વિધાનસભામાં નિકોલ બેઠક (અમદાવાદ)નું પ્રતિનિધિત્વ
- રાજકીય કારકિર્દી: જગદીશ વિશ્વકર્માએ એક બૂથ કાર્યકર તરીકે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો અને ધીમે ધીમે પક્ષમાં મહત્ત્વના હોદ્દાઓ પર પહોંચ્યા.
- શરૂઆતનો પ્રવાસ: ૧૯૯૮માં તેમણે ઠક્કરબાપાનગરમાં બૂથ પ્રભારી તરીકે પોતાની રાજકીય યાત્રા શરૂ કરી હતી.
- પક્ષમાં મહત્ત્વના હોદ્દા: ૨૦૧૩: તેઓ ભારતીય જનતા પાર્ટી, ગુજરાતના ઉદ્યોગ સેલના સંયોજક તરીકે રહ્યા હતા. ત્યારબાદ, તેમણે કર્ણાવતી BJP અમદાવાદ શહેરના પ્રમુખ તરીકે પણ સેવા આપી. ૨૦૧૨માં તેઓ પ્રથમ વખત ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં નિકોલ બેઠક પરથી ધારાસભ્ય (MLA) તરીકે ચૂંટાયા. ૨૦૧૭માં તેઓ ફરીથી નિકોલ બેઠક પરથી ચૂંટાયા. ૨૦૨૨માં તેઓ ત્રીજી વખત નિકોલ બેઠક પરથી ચૂંટાઈને વિધાનસભાના સભ્ય બન્યા.
- મંત્રી પદ: ભૂપેન્દ્ર પટેલની કેબિનેટમાં હાલમાં તેઓ રાજ્ય કક્ષાના મંત્રી તરીકે સહકાર, લઘુ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો, કુટીર, ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગો, મીઠા ઉદ્યોગ, પ્રોટોકોલ, મુદ્રણ અને સ્ટેશનરી, સહાયક મંત્રી તરીકે ઉદ્યોગો, માર્ગ અને મકાન , વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન વિભાગો સંભાળે છે.
- અગાઉના પદ: સપ્ટેમ્બર ૨૦૨૧થી ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન રાજ્ય કક્ષાના મંત્રી તરીકે વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન, માર્ગ અને મકાન, મીઠા ઉદ્યોગ, મુદ્રણ અને સ્ટેશનરી અને પ્રોટોકોલ વિભાગોનો હવાલો સંભાળ્યો હતો.

### 7 રિટર્ન...

છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને ટેક્સ કન્સલ્ટન્ટ્સ માટે ઓક્ટોબર મહિનો અત્યંત વ્યસ્ત હોય છે. વેપારીઓનાં 7 જેટલા રિટર્ન ફાઈલ કરવાની જવાબદારી તેમના પર હોય છે. આ કારણે ઘણા CA દ્વારા તેમના સ્ટાફને 31 ઓક્ટોબર પછી જ રજા લેવાનું સૂચન કરવામાં આવ્યું છે. પરિણામે તેઓ દિવાળીથી લાભ પાંચમ અને 1થી 4 નવેમ્બર દરમિયાન માત્ર ટૂંકા વેકેશનનો આનંદ માણી શકે છે.

દિવાળીનો તહેવાર ખુશીનો સમય હોવા છતાં ટેક્સ રિટર્નની સમયમર્યાદા વ્યવસાયીઓ અને CA માટે તણાવનું કારણ બની શકે છે. સમયસર રિટર્ન ફાઇલ કરવું અને નાણાકીય જવાબદારીઓ પૂર્ણ કરવી જરૂરી છે. જેથી તહેવારનો આનંદ ખલેલ વિના માણી શકાય. વ્યવસાયીઓ અને CA એ અગાઉથી આયોજન કરીને આ દબાણને ઘટાડી શકે છે. જેથી દિવાળીની ઉજવણી યાદગાર બની રહે.

### ચંદની પડવાને...

શહેરની 15 જેટલી સંસ્થાઓમાંથી કુલ 19 માવાના નમૂના લઈ તપાસ માટે મોકલ્યા છે. દરમિયાન ફૂડ વિભાગે દશેરામાં લીધેલા ફાફડા-જલેબીના તમામ સેમ્પલો બરાબર હોવાનો રિપોર્ટ આવ્યો છે.

### કઈ કઈ...

- કૃષ્ણ માવા ભંડાર (રૂવાલા ટેકરા, પીરછડી રોડ)
- સુરજ માવા ભંડાર (મહિધરપુરા)
- શ્રી કનૈયા ડેરી અને મીઠાઈઓ (કતારગામ)

### આજથી એક...

પાસ થવાથી વેપારીઓ, વિવર્સ, બધા જ વર્ગને મોટી રાહત થશે. જ્યારે નવા વર્ષે 3 જાન્યુઆરી, 2026થી શરૂ થનારા બીજા તબક્કામાં ચેક જમા કરાવ્યા બાદ ફક્ત ત્રણ કલાકમાં ક્લીયર થઈ જશે.

ગ્રાહકોને ઝડપી ટ્રાન્જેક્શન સુવિધા સાથે મની રોટેશન ઝડપી બનાવવાનો સરકારનો આશય છે. ગ્રાહકોને બે દિવસ રાહ જોયા પછી મળતા રૂપિયા જે તે દિવસે મળી જવાને લીધે સમયસર એનો ઉપયોગ કરી શકશે.

આ નવી ચેક ક્લિયરન્સ વ્યવસ્થા માટે બેન્કો દ્વારા કર્મચારીઓને તાલીમ પણ આપવામાં આવી હતી. ચેક સ્કેનિંગથી લઈને તમામ કામગીરી સેમ-ડે કરવાની આખી પ્રક્રિયા જણાવવામાં આવી હતી.

---

## અનુસંધાન... પાના પહેલાનું

### રશિયા ભારત...

અમેરિકાના દંડાત્મક ટેરિફને કારણે ભારતને જે નુકસાનનો સામનો કરવો પડ્યો છે તે રશિયાથી ક્રૂડ આયાત દ્વારા સંતુલિત થશે, અને વધુમાં તે એક સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે પ્રતિષ્ઠા મેળવશે એમ પુતિને કહ્યું. તેઓ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નવી દિલ્હી પર રશિયન તેલની ખરીદી માટે દંડ તરીકે લાદવામાં આવેલા વધારાના 25 ટકા ટેરિફનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જે અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા કુલ ટેરિફને 50 ટકા સુધી લઈ જશે. પુતિને કહ્યું કે વેપાર અસંતુલનને દૂર કરવા માટે, રશિયા ભારત પાસેથી વધુ કૃષિ ઉત્પાદનો અને દવાઓ ખરીદી શકે છે. ભારત પાસેથી વધુ કૃષિ ઉત્પાદનો ખરીદી શકાય છે. ઔષધીય ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ માટે અમારા તરફથી ચોક્કસ પગલાં લઈ શકાય છે એમ પુતિને કહ્યું. સરકાર સંચાલિત સમાચાર એજન્સી TASS અનુસાર પ્રમુખે કહ્યું કે તેમણે રશિયન સરકારને ભારતીય મિત્રો અને સમકક્ષો માટે રશિયા વેપાર અને અન્ય ક્ષેત્રોમાં અસંતુલનને કેવી રીતે સરળ બનાવી શકે છે તે અંગે દરખાસ્તો વિચારવા સૂચના આપી છે.

પુતિને કહ્યું કે જો રશિયાના વેપાર ભાગીદારો પર ઊંચા ટેરિફ લાદવામાં આવશે, તો તેની અસર વિશ્વભરમાં ઊર્જાના ભાવ પર પડશે. કિંમતો વધશે, જેના કારણે યુએસ ફેડરલ રિઝર્વને વ્યાજ દર ઊંચા રાખવાની ફરજ પડશે, જેનાથી અમેરિકી અર્થતંત્ર ધીમું પડશે. પુતિને ચેતવણી આપી હતી કે જો ભારત રશિયન તેલ ખરીદવાનું બંધ કરશે, તો તેને 9 થી 10 અબજ ડોલરનું નુકસાન થશે. પુતિને એમ પણ કહ્યું કે રશિયન તેલ વિના, વિશ્વ અર્થતંત્રને નુકસાન થશે, અને જો તેનો પુરવઠો બંધ કરવામાં આવે તો, તેલના ભાવ પ્રતિ બેરલ 100 ડોલરથી ઉપર વધી શકે છે.

### કાશ્મીરના ઊંચાઈવાળા...

કરે તેવી શક્યતા છે, એમ હવામાન વિભાગે કહ્યું હતું.

આ સિસ્ટમના પ્રભાવ હેઠળ, 05 ઓક્ટોબરથી 07 ઓક્ટોબર સુધી જમ્મુ અને કાશ્મીરમાં વ્યાપક હળવોથી મધ્યમ વરસાદ-બરફ (ઉચ્ચાઈવાળા વિસ્તારોમાં) થવાની શક્યતા છે, જેમાં 05 ઓક્ટોબરની રાતથી 07 તારીખની સવાર સુધી ઉચ્ચ વરસાદ રહેશે', એમ એક નિવેદનમાં જણાવાયું છે.

આ સિસ્ટમને કારણે અનંતનાગ-પહલગામ, કુલગામ, સિન્થન પાસ, શોપિયાન, પીર કી ગલી, સોનમર્ગ-ઝોજિલા, બાંદીપોરા-રાઝદાન પાસ, ગુલમર્ગ અને કુપવાડા-સાધના પાસના ઊંચા વિસ્તારોમાં મધ્યમથી ભારે હિમવર્ષા થવાની શક્યતા છે, એમ તેમાં જણાવાયું હતું.

મધ્ય ભાગોમાં હળવી હિમવર્ષા અને કાશ્મીરના મેદાની વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની પણ શક્યતા છે.

### ભારત S-400...

મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ઉપર જણાવેલા લોકોએ કહ્યું કે ભારત એસ-500 મિસાઈલ સિસ્ટમ ખરીદવા પર પણ વિચાર કરી શકે છે.

### બે વર્ષથી નાના...

ઉધરસ સિરપની ભલામણ કરવામાં આવતી નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે મોટી ઉંમરના લોકો માટે પણ તેનો ઉપયોગ કાળજીપૂર્વક ક્લિનિકલ મૂલ્યાંકન, નજીકથી દેખરેખ, યોગ્ય માત્રાનું કડક પાલન, ટૂંકી અસરકારક અવધિ અને બહુવિધ દવાઓના સંયોજનોને ટાળવા પર આધારિત હોવો જોઈએ.

વધુમાં, લોકોને ડોક્ટરો દ્વારા પ્રિસ્ક્રિપ્શનના પાલન અંગે પણ સભાન બનાવવા જોઇએ, એમ ડીજીએચએસના ડો. સુનિતા શર્મા દ્વારા જારી કરાયેલી સલાહમાં જણાવાયું છે. તેમાં બાળકો માટે કફ સિરપ લખવા અને વેચાણની બાબતને વાજબી અને તર્કસંગત બનાવવા કહેવાયું છે બાળકોમાં મોટાભાગની તીવ્ર ઉધરસની બીમારીઓ સેલ્ફ લિમિટિંગ હોય છે અને ઘણીવાર ફાર્માકોલોજીકલ હસ્તક્ષેપ વિના ઉકેલાઈ જાય છે. પર્યાપ્ત હાઇડ્રેશન, આરામ અને સહાયક પગલાં સહિત બિન-ઔષધીય પગલાં પણ પ્રથમ હાથવગા પગલા તરીકે લઇ શકાય એમ તેમાં જણાવાયું છે.

### ઓપરેશન સિંદુરમાં...

સર્વેલન્સ વિમાન તોડી પાડ્યું હતું. અમારી પાસે 300 કિમીથી વધુના લાંબા અંતરના એક હુમલાના સ્પષ્ટ પુરાવા છે, અને એફ-16 અને જેએફ-17 વર્ગ વચ્ચેના પાંચ હાઈ-ટેક ફાઈટર વિમાનો હતા', એમ એર ચીફ માર્શલે કહ્યું. તેમણે કહ્યું કે પાકિસ્તાની ક્ષેત્રમાં 300 કિમીનો હુમલો વાયુસેના દ્વારા અત્યાર સુધીનો 'સૌથી લાંબો હુમલો' હતો, તેને ભારતીય વાયુસેના માટે 'વર્ષની મોટી કાર્યવાહી' ગણાવી હતી. એક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે આ વિગતો પોતે ગુપ્તચર અહેવાલો અને ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ વડે ભેગી કરાયેલી માહિતીના આધારે આપી રહ્યા છે.

જમીન પર ભારતે રડાર સિસ્ટમ્સ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર્સ, રનવે અને હેંગર્સ પર સચોટ હુમલા કર્યા હતા અને 4-5 એફ-16 ફાઈટર જેટનો નાશ કરવામાં આવ્યો હતો, એમ એપી સિંહે જણાવ્યું હતું. જેટ ઉપરાંત, જમીન પરના લક્ષ્યોને તોડી પાડવામાં આવ્યા હતા જેમાં ચાર સ્થળોએ રડાર, બે સ્થળોએ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર્સ, બે રનવે, ત્રણ હેંગર્સ અને એક સરફેસ-ટુ-એર મિસાઈલ (એસએએમ) સિસ્ટમ સામેલ છે. આ એ બાબત છે જે અમારી સિસ્ટમ અમને જણાવે છે એમ એર ચીફ માર્શલે કહ્યું હતું. આ 10 મેના રોજ બન્યું હોવાની શક્યતા છે, જ્યારે ભારતે પાકિસ્તાનની અંદર 11 સૈન્ય એરબેઝને નિશાન બનાવ્યા હતા, જેના કારણે ઈસ્લામાબાદને યુદ્ધવિરામ માટે ભારતનો સંપર્ક કરવાની ફરજ પડી હતી. ભારતીય હવાઈ દળના વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે હવાઈ હુમલાઓ પાકિસ્તાન માટે વ્યૂહાત્મક અને માનસિક ફટકો સાબિત થયા હતા. 'અમે પાકિસ્તાનને એવી સ્થિતિમાં પહોંચાડ્યું જ્યાં તેને યુદ્ધવિરામ માટે કહેવું પડ્યું હતું', એમ સિંહે કહ્યું હતું.

### ભારત બીજી...

કરવામાં આવશે નહીં, સાથે જ તેમણે ભારતીય સૈનિકોને કાર્યવાહી માટે તૈયાર રહેવા વિનંતી કરી.

'એક દેશ તરીકે ભારત આ વખતે સંપૂર્ણપણે તૈયાર છે. અને આ વખતે, તે ઓપરેશન સિંદૂર 1.0 દરમિયાન દર્શાવેલ સંયમ બતાવશે નહીં. આ વખતે અમે એક પગલું આગળ વધીશું અને એવી રીતે કાર્ય કરીશું કે પાકિસ્તાન વિચારશે કે તે વિશ્વના નકશા પર રહેવા માગે છે કે નહીં', એમ જનરલ દ્વિવેદીએ રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લાના અનુપગઢમાં સૈનિકોને કડક શબ્દોમાં સંબોધનમાં કહ્યું.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો પાકિસ્તાન વિશ્વના નકશા પર પોતાનું સ્થાન જાળવી રાખવા માગે છે, તો તેણે સરકાર પ્રાયોજિત ત્રાસવાદ બંધ કરવો પડશે.

સેના પ્રમુખે સૈનિકોને તૈયાર રહેવા કહ્યું. 'હવે સંપૂર્ણપણે તૈયાર રહો, જો ભગવાન ઈચ્છે તો ટૂંક સમયમાં તક આવશે', એમ તેમણે કહ્યું.

જનરલ દ્વિવેદીએ કહ્યું કે ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનમાં ત્રાસવાદીઓના ઠેકાણાઓની હાજરીના પુરાવા વિશ્વને આપ્યા છે. જો ભારતે આ પુરાવા શોધી કાઢ્યા ન હોત, તો પાકિસ્તાને તે બધા છુપાવી દીધા હોત, એમ તેમણે કહ્યું.

સેના પ્રમુખે કહ્યું કે ભારતીય સૈન્યએ ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનની અંદર નવ સ્થળોને નિશાન બનાવ્યા હતા, જેમાંથી સાત સેના દ્વારા અને બે વાયુસેના દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા.

### અરબી સમુદ્રમાં...

ચક્રવાત શક્તિ આગામી 72 કલાકમાં અરબી દરિયામાં ઉથલપાથલ કરવા માટે તૈયાર છે. જ્યારે આ વાવાઝોડું ભારતમાં ત્રાટકવાની શક્યતા નથી, ત્યારે તેની અસરથી દરિયામાં ઊંચી લહેરો, દરિયાકાંઠાના તોફાનો, સ્થાનિક પૂર, ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રમાં અનુભવાશે.

3 ઓક્ટોબરના રોજ આઈએમડીના બુલેટિન મુજબ, આ સિસ્ટમ 21.3એન, 67.1ઈ, દ્વારકાથી લગભગ ૨૪૦ કિમી પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ અને પોરબંદરથી 270 કિમી પશ્ચિમમાં કેન્દ્રિત હતી.

આઈએમડી મોડી સવાર સુધીમાં ચક્રવાતી તોફાન (પવનની ગતિ 62-88 કિમી પ્રતિ કલાક) અને આગામી 24 કલાકમાં તીવ્ર ચક્રવાતી તોફાનમાં (89-117 કિમી પ્રતિ કલાક) પરિવર્તિત થવાની આગાહી કરે છે.

સરળ શબ્જોમાં તોફાનનું કેન્દ્ર દરિયાની અંદર રહેવાની અપેક્ષા છે પણ ભારતના પશ્ચિમ કાંઠા પર તેની તીવ્ર અસર પડશે.

### કેન્યા-જાપાનના...

સ્ટેડિયમ ખાતે સ્પર્ધા સંકુલની બહાર તેમના એક ખેલાડી સાથે વાત કરી રહ્યા હતા ત્યારે અચાનક એક કૂતરો આવીને તેમને કરડી ગયો હતો. આયોજકોએ પાછળથી જણાવ્યું હતું કે જાપાનના કોચ મીકો ઓકુમાત્સુને પણ મુખ્ય સ્પર્ધા સ્થળની બાજુમાં આવેલા પ્રેક્ટિસ ટ્રેક પર તેના ખેલાડીઓને તાલીમનું નિરિક્ષણ કરતી હતી ત્યારે એક રખડતો કૂતરો કરડ્યો હતો.

કેન્યા સરકારના પ્રતિનિધિ તરીકે ટીમ સાથે રહેલા જોએલ અટુટીએ જણાવ્યું હતું કે અમારા કોચ ડેનિસ કોલ રૂમ પાસે તેમના એક ખેલાડી સાથે વાત કરી રહ્યા હતા ત્યારે અચાનક એક રખડતો કૂતરો આવ્યો અને તેમને કરડ્યો હતો. આ ઘટના સવારે 10 વાગ્યે બની હતી. તેમના પગમાંથી લોહી નીકળતું હતું, અને સ્ટેડિયમની તબીબી ટીમે તેમની સંભાળ રાખી હતી. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર કરવામાં આવી હતી અને ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. હવે તેઓ કોઈપણ સમસ્યાથી મુક્ત છે. તેઓ કેટલીક દવાઓ પણ લેશે. કોલ રૂમ એ જગ્યા છે જ્યાં રમતવીરો તેમની સ્પર્ધા પહેલા ભેગા થાય છે.

### MCDએ સ્ટેડિયમ...

બાદ, MCDએ તેમની તૈનાતી વધારી દીધી છે અને સ્ટેડિયમ સંકુલમાં બે કૂતરા પકડવાની ટીમોને કાયમી ધોરણે તૈનાત કરી છે.

રખડતા કૂતરાઓને તાત્કાલિક દૂર કરવા અને તેમને આશ્રયસ્થાનોમાં લઈ જવા માટે વાહનોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આયોજક સમિતિ ભાર મૂકે છે કે જ્યારે પ્રાણી કલ્યાણના ધોરણોનું સંપૂર્ણ પાલન કરવામાં આવી રહ્યું છે, ત્યારે સહભાગીઓની સલામતી, આરોગ્ય અને સુખાકારી સાથે સમાધાન કરી શકાતું નથી.


### જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઈસમો માટે જિ.પં.શિ.સમિતિની ઉછરેલ મોરી પ્રાથમિક શાળા, તાલુકો- બારડોલી, જિલ્લો-સુરતમાં જર્જરિત ઓરડા તથા કાટમાળ લઈ જવાની જાહેર હરાજી તારીખ 14-10-2025, મંગળવારના રોજ સમય 2:00 કલાકે રાખવામાં આવેલ છે. ટોકનની રકમ હરાજીના સમય પહેલા 200/- રૂપિયા જમા કરાવવાના રહેશે. જે ફરી પરત કરવામાં આવશે નહીં.

મુખ્ય શિક્ષક
પ્રાથમિક શાળા ઉછરેલ મોરી
તા.બારડોલી, જી.સુરત

ક્રમાંકઃ માહિતી-સૂરત/૮૮૧/૨૦૨૫



### જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઇજારદારો/ઇસમોને જણાવવાનું કે અત્રેના સામાજીક વનીકરણ વિભાગ સુરત હસ્તકની સુરત જિલ્લામાં આવેલ ઓલપાડ રેંજમાં પંચવટી વિકાસ કેન્દ્ર (સિવિલ વર્ક)ની કામગીરી કરવા અંગેના ઈ-ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. આથી રસ ધરાવતી સંસ્થા/વ્યક્તિઓએ n-Procure (www.nprocure.com) સાઈટ પર તા.૦૨/૧૦/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ના બપોરના ૧૨.૧૦કલાક સુધીમાં ભાવો ઓનલાઈન આપવા વિનંતી છે. જે ભરેલ ઈ-ટેન્ડર દસ્તાવેજો તથા ડી.ડી. સીલબંધ કવરમાં તા.૧૮/૧૦/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨.૩૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ મળી રહે તે રીતે રૂબરૂ/ પોસ્ટ/ રજીસ્ટર એડીથી મોકલવાના રહેશે. ત્યાર બાદ મળેલ ટેન્ડરો ધ્યાને લેવામાં આવશે નહી. કવર ઉપર ટેન્ડરની સંપુર્ણ વિગત, મોકલનારનું નામ, સરનામું, ખાસ લખવાનું રહેશે. અધુરી કવરનોટ વાળા બીડરના કવરને ગ્રાહય રાખવામાં આવશે નહી.

કચેરીનું સરનામું
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
સામાજીક વનીકરણ વિભાગ,
વન ભવન, ગંગેશ્વર મહાદેવ રોડ,
ડી-માર્ટની સામે અડાજણ, સુરત.
ફોન નંબર- ૦૨૬૧-૨૭૩૩૮૩૧

નાયબ વન સંરક્ષક
સામાજીક વનીકરણ વિભાગ
સુરત

ક્રમાંકઃ માહિતી-સૂરત/૮૮૪/૨૦૨૫